રજૂ તારીખ : ૨૧–૫–૨૦૨૬
દાખલ તારીખ : ૨૧–૫–૨૦૨૬
ફેંસલ તારીખ : ૧૧–૦૬–૨૦૨૬
અવધી : વર્ષ માસ દિવસ
૦૦ ૦૦ ૨૧
આંક–

**ભાવનગરના મહે.ર'જા એડી. સેશન્સ જજ સાહેબની કોર્ટમાં**
**પર.ફો.અ.નં.૮૯૬/૨૦૨૬**

**અરજદાર** : **જસીબેન અશોકભાઈ સોલંકી,**
ઉ.વ.૩૬, ધર્મે.: હિન્દુ,
ધંધો.: પશુપાલન તથા દૂધનો,
રહે.: ૯૧, બહુચર મંડળ વિસ્તાર, રૂવા,
ભાવનગર.

**વિ રૂ દ્ધ**

**સામાવાળા** : **નામ. સરકારશ્રી**
સરકારી વકીલશ્રીની કચેરી,
કોર્ટ કમ્પાઉન્ડ, ભાવનગર.

બાબત : **બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭ અન્વયે મુદ્દામાલ પરત મેળવવા અરજી.**

**અરજદાર તરફે વિ.વ.શ્રી એચ.એન.શાહ.**
**સામાવાળા તરફે વિ. એ.પી.પી.શ્રી ગીતાબેન જાડેજા.**

**–: ચુ કા દો :–**

૧) અરજી વંચાણે લીધી. હાલના અરજદારે **ઘોઘા રોડ પો. સ્ટે. ફર્સ્ટ ગુ. ર. નં.૧૧૧૯૮૦૦૬૨૬૦૮૮૪/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા પોકસો એકટની કલમ–૪, ૬ તથા ૧૮**

મુજબના ગુન્હાના કામે ત.ક.અ.શ્રી ધ્વારા આ ગુન્હાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ હોન્ડા કંપનીનું મોડલ એકટીવા ડી.એલ.એકસ. ઓ.બી.ડી.ઝેડ.બી. કે જેનો રજી.નં.જી.જે.૦૪. ઈ.આર.૬૭૪૬ તથા ચેસીસ નંબર: એમ.ઈ.૪.જે.કે.૩૬ર.સી.એસ.ડબલ્યુ.૧ર૧૫૫૭ તથા એન્જીન નંબર : જે.કે.૩૬.ઈ.ડબલ્યુ.ર૧ર૧૬૫૮ તે મુદ્દામાલ સ્કૂટર અરજીમાં જણાવેલ કારણોસર વચગાળાની કસ્ટડી તરીકે પરત મેળવવા હાલની અરજી આપેલ છે અને અરજદાર તરફે અરજીમાં જણાવેલ વિગતે મૌખિક રજૂઆત પણ કરેલ છે.

ર) હાલની અરજીનાં અનુસંધાને ત. ક. અ. શ્રીને નોટિસ કરતા તેઓએ તેમનો લેખિત અભિપ્રાય મોકલી આપેલ છે જેમાં તેઓએ મુખ્ય આરોપી સામેના આક્ષેપની વિગતો જણાવી, આરોપીએ મુદ્દામાલનો ઉપયોગ હાલના કામના ગંભીર ગુન્હામાં કરેલ હોય તથા જો તેને પરત કરવામાં આવે તો ફરી કોઈ ગુન્હામાં ઉપયોગમાં લઈ શકે તેમ હોવાનુ કારણ જણાવી, મુદ્દામાલ સ્કૂટર પરત સોંપવા સામે તેમનો અભિપ્રાય ન હોવાનુ જણાવેલ છે. દલીલના તબકકે એ.પી.પી.શ્રીએ પણ આ અભિપ્રાયની વિગત મુજબની રજૂઆત કરેલ છે.

૩) હાલના કામે અરજદારની અરજીની તથા ત.ક.અ.શ્રીના અભિપ્રાયની વિગતો ધ્યાને લઈ સાથે સાથે ચાલુ ટ્રાયલ દરમ્યાન મુદ્દામાલ સ્કૂટર વાહન પરત કરવા સંદર્ભે નામ.સુપ્રિમ કોર્ટ ધ્વારા સુંદરલાલ અંબાલાલ દેસાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના કામે આપેલા ર૦૦૩(૧) જી.એલ.એચ.પાન નં.૩૦૭ ઉપરના ચૂકાદાને પણ ધ્યાને લઈ તેમાં નામ.સુપ્રિમ કોર્ટે કરેલા અવલોકનો

અને આપેલા નિર્દેશોને ધ્યાને લેતાં તથા હાલના કામે મુદ્દામાલમાં જે સ્કૂટર કબજે કરવામાં આવેલ છે તે ટ્રાયલ દરમ્યાન કોર્ટમાં પુરાવા તરીકે રજૂ કરવા બાબતેનો કોઈ મુદ્દામાલ નથી. આ કામે આંક–૫ થી આરોપી ધ્વારા સદર મુદ્દામાલ અરજદારને સોંપવામાં આવે તો વાંધો તકરાર નથી તેવુ જાહેર કરેલ છે તેમજ સદર મુદ્દામાલ વાહન ફાઈનાન્સ પર હોય જે સબબ ફાઈનાન્સ કંપનીનું રીપેમેન્ટ શીડયુલ રજૂ થયેલ છે જે ધ્યાને લેતાં પણ સદર મુદ્દામાલ વાહન સબબ કોઈ જ હપ્તા એલ એન્ડ ટી ફાઈનાન્સના બાકી ન હોવાનું પણ રેકર્ડ ઉપર જણાઈ છે અને તે મતલબનું અરજદારે સોગંદનામું પણ રજૂ કરેલ છે. આમ, ઉપરોકત તમામ સંજોગોમાં ટ્રાયલ દરમ્યાન સદર મુદ્દામાલ સ્કૂટરની આવશ્યકતાં પડે તેવા કોઈ સંજોગો પણ જણાતાં નથી તથા અરજદાર તરફે રજૂ કરેલ મુદ્દામાલની આર.સી. બુકને પણ ધ્યાને લેતાં અરજદાર સદરહુ મુદ્દામાલ વાળુ વાહન સ્કુટરના માલિક હોય તેવી બાબત પણ સ્પષ્ટ થતી હોય તથા આ મુદ્દામાલ બીનજરૂરી રીતે ટ્રાયલ પૂર્ણ થાય ત્યાં સુધી જો પોલીસ સ્ટેશનમાં બિનવપરાશી પડી રહે તો તેને ગંભીર ક્ષતિ થાય અને તે બિનઉપયોગી બની જાય તથા તેને નુકશાન થાય તેવી સંભાવનાઓને ધ્યાને લેતાં જો કેટલીક શરતો સાથે હાલની અરજી મંજુર કરી અરજદારને સદરહુ મુદ્દામાલ સ્કૂટર વચગાળાની કસ્ટડી તરીકે સોંપવા હુકમ કરવામાં આવે તો તેથી કરીને ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ હોય તથા હાલની અરજી નામંજુર કરી સદરહુ મુદ્દામાલને બહુ લાંબા ગાળા સુધી બિનવપરાશી પોલીસ સ્ટેશનમાં પડી રહેવા દેવાથી પણ કોઈ હેતુસરે તેમ ન હોય હાલની અરજી નામંજુર કરવા કરતા મંજુર કરવાથી ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ હોવાનુ માની નીચે મુજબનો હુકમ કરૂ છું.

## :: હુકમ ::

૧) અરજદારની હાલની અરજી કેટલીક શરતો સાથે આથી **મંજુર** કરૂ છું.

૨) **ઘોઘા રોડ પો. સ્ટે. ફર્સ્ટ ગુ. ર. નં.૧૧૧૯૮૦૦૬૨૬૦૮૮૪/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા પોકસો એકટની કલમ–૪, ૬ તથા ૧૮** ના કામે ત.ક.અ.એ તપાસ દરમ્યાન કબજે લીધેલ મુદ્દામાલ હોન્ડા કંપનીનું મોડલ એકટીવા ડી.એલ.એકસ. ઓ.બી.ડી.ઝેડ.બી. કે જેનો રજી.નં.જી.જે.૦૪. ઈ.આર.૬૭૪૬ તથા ચેસીસ નંબર: એમ.ઈ.૪.જે.કે.૩૬૨.સી.એસ.ડબલ્યુ.૧૨૧૫૫૭ તથા એન્જીન નંબર : જે.કે.૩૬.ઈ.ડબલ્યુ.૨૧૨૧૬૫૮ છે તે મુદ્દામાલના અરજદારે દોઢી રકમના જામીન તથા જામીનખત (બોન્ડ) અત્રેની કોર્ટમાં રજૂ કર્યેથી કેસના આખરી નિકાલ સુધી નીચેની કેટલીક શરતો સાથે વચગાળાની કસ્ટડી તરીકે અરજદારને સોંપવાનો આથી હુકમ કરૂ છું.

**<u>શરતો. :</u>**

(૧) અત્રેની અદાલત અથવા અન્ય અદાલત અથવા તો તપાસ કરનાર અમલદાર જયારે અને જયાં સદરહું મુદ્દામાલ રજુ કરવા જણાવે ત્યારે અને ત્યાં અરજદારે મુદ્દામાલ સ્કૂટર રજુ કરવાનું રહેશે.

(૨) મુદ્દામાલ સ્કૂટરના ચાર અલગ અલગ દિશાએથી ફોટો પાડી અત્રેની અદાલતમાં રેકર્ડમાં રજૂ કરવા.

(૩) સદરહું મુદ્દામાલનો કેસનો આખરી નિકાલ ન થતાં સુધી તેનું વેચાણ કરવું નહિ, સદરહું મુદ્દામાલનું હસ્તાંતર કરવું નહિ અને તેની

સ્થિતિમાં કોઈ ફેરફાર કરવો નહી.

(૪) મુદ્દામાલ વાહનનો કોઈ અન્ય ગુન્હાના કામે ઉપયોગ કરવો નહિ.

(૫) મુદ્દામાલ વાહન સંદર્ભે અરજદાર સંબંધિત પોલીસ સ્ટેશન સમક્ષ સદર તમામ શરતોનું પાલન કરશે અને મુદ્દામાલ વાહનનો કોઈ અન્ય ગુન્હાના કામે ઉપયોગ કરશે નહિ તેવુ અન્ડરટેકિંગ આપવું.

આ હુકમની જરૂરી યાદી સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરવી.

ચુકાદો, આજ તા.૧૧'મી, માહે : જૂન, સને ૨૦૨૬ ના રોજ, ખુલ્લી અદાલતમાં, વાંચી સંભળાવી, જાહેર કર્યો.

સ્થળ : ભાવનગર.
તા.૧૧/૦૬/૨૦૨૬

**(પી. પી. જાડેજા)**
સ્પેશ્યલ જજ પોકસો અને
બીજા એડિ. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,
ભાવનગર.
કોડ નં.જી.જે.૦૦૮૩૨.

**Bhargav**